
સવિતા યાને ભૂલનો ભોગ.



લખનાર તથા છપાવી પ્રસિદ્ધ કરનાર

પન્નાલાલ ડાહ્યાભાઈ ઝવેરી બાલાજી રોડ સુરત.

મુલ્ય ૨ આના.

લક્ષ્મી આર્ટ. ભાયખળા. મુંબઈ



સવિતાના મુખઉપર વિશાદ રેખાનો સંપૂર્ણ આભાસ થવા લાગ્યો, સિતાર હસ્તમાંથી પડી ગઈ અને વિચારમાં નિમગ્ન થઈ ગઈ

સવિતા યાને ભુલનો ભોગ.

એક ડિટેકટીવ મનોવેધક વાર્તા.

પરિચ્છેદાવલી.

ચિત્રાવલી.

લખનાર તથા છપાવી પ્રસિદ્ધ કરનારઃ—


પન્નાલાલ ડાહ્યાભાઈ ઝવેરી.

પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું:—બાલાજી રોડ—સુરત.

સુરત, ભાગાતળાવ રોડપર આવેલા શ્રી "રાંદેર" પ્રીન્ટીંગ
પ્રેસમાં **રતિલાલ દુર્લભદાસે** છાપી.

સેંટનો રાજા

ઓટો-દીલબહાર. રજીસ્ટર્ડ



દીલને આનંદ આપનાર મનને પ્રફુલીત કરનાર અસલ પંચ ફુલોના અર્કની સુગંધીઓથી ભરેલું છેલ્લામાં છેલ્લી બનાવટનું (સ્પીરીટ વગરનું) સર્વોત્તમ સેંટ છે ફક્ત ચાર પાંચ ટીપાં કપડાં અથવા રૂમાલ ઉપર છાંટવાથી વાપરનારને તથા તેની આસપાસના માણસોને, મીઠી ખુશકારક સુગંધીમાં ડુબાડી દે છે, બીજું કોઈપણ જાતનું સેંટ ખરીદતા પહેલા ઓટો-દીલબહાર વાપરી જુઓ અને તેની સુગંધીનો બે ઘડી વિચાર કરો ઓટો દીલબહારમાં સ્પીરીટ નહીં હોવાથી અત્તર તરીકે પણ વાપરી શકાય છે

કીમત નાની બાટલીના ૮ આના, વચલી બાટલીના ૧૨ આના, મોટી અને ઔંસની બાટલીના રૂ. ૨, નમુનાની બાટલીના ૨ આના. સુગંધી કારડના એક આનો.

ચેતવણી.—ઓટો દીલબહારનો ખપ મોટો હોવાથી તેની નકલો નીકળી પડી છે અને કેટલાક લબાડ વેપારીઓ વધુ નફાની આશાએ ઓટો-દીલબહાર માટે તમો સાવધ રહેશો અને ઓટો દીલબહાર માગતે અને નામ બરાબર વાંચીને સીલબંધ બાટલી લેજો નામમાં જરા ફેરફાર લાગે તો તરતજ તે બાટલી ફેંકી દેજો

સોલ એજંટ	સુરતના એજંટ.
ધી એંગ્લો ઈન્ડીયન ડ્રગ એંડ કેમિકલ કું.	**હાજી અબ્દુલકાદર મુસાભાઈ**
જુમામસીદ—મુંબઈ.	**ઠે. ભાગાતળાવ**
	મુ. સુરત.

સવિતા યાને, ભુલનો ભોગ.

પ્રથમ પરિચ્છેદ.

ડિટેકટીવ દિનાનાથ.

अनारम्भो हि कार्याणां प्रथमं बुध्धि लक्षणम् ।
आरब्ध स्यान्त गमन द्वितियं बुध्धि लक्षणम् ॥

નથી પ્રેમીઓને પીંડ પ્રાણની કશી પરવા,
પરવા નથી પરવાણુની, પ્રિયાની છે પરવા.

'રાવ બહાદુર રેણુકાંત છે કે?' વાલકેશ્વરપર આવેલા એક વિસ્તીર્ણ બંગલાના દ્વાર સમીપ નિરાંતથી બેન્ચપર સુતેલા રામોશીને એક ભવ્ય યુવકે પ્રશ્ન કર્યો.

'હા જી! પરન્તુ તેઓ અત્યારે ચિંતાગ્રસ્ત હોવાથી મળી શકશે નહિ. જો આપની ખાસ ઇચ્છા હોય તો પધારો.'

'ના! ના!! અત્યારે તો તું જાને આ કાર્ડ આપી આવ.'

રામોશી કાર્ડ લઈ અંદર ગયો અને એક સુંદર શૃંગારાયુક્ત દિવાનખાનામાં ખુરશી પર કપાળે હસ્ત દઈ બેઠેલા એક વૃદ્ધ

મનુષ્યના હાથમાં કાર્ડ આપ્યો. પ્રિય વાંચક ? તે કાર્ડમાં નીચે પ્રમાણે લખેલું હતુ.

દિનાનાથ એચ. મુન્શી.

ખાનગી ડિટેકટીવ ઈન્સ્પેકટર.

કાર્ડ વાંચી વૃદ્ધ શેઠ ચમક્યા અને તેને માન સહિત બોલાવવાનું રામોશીને કહ્યું.

રામોશીએ શેઠની આજ્ઞાનું પાલન કર્યું, અને દિનાનાથ તે ભવ્ય દિવાનખાનામાં દાખલ થયો.

" વેલ ! મી. મુન્શી આપનું શા અર્થે આગમન થયું છે ?"

"આપના શોકને ટાળવા ?"

" મને શું શોક છે ?"

" શેઠજી ! તે આપ પોતેજ વિચારો ! આપની કોઇ પણ વાત બહાર જવાની નથી, તે ખાત્રી રાખજો હું આપની પુત્રિનું કયા દુષ્ટે હરણ કર્યું છે તેની શોધ કરી આપની પુત્રિને આપને પાછી હસ્તગત કરવા આવ્યો છું."

" પરંતુ મારી પુત્રિ ગુમ થઈ છે તે આપને કયાંથી ખબર પડી ?"

" તે સર્વે પછીથી જણાશે, મારા કાર્ડ પરથી આપે જાણ્યું હશે કે આ વાત પબ્લીકમાં નહિ જાય, કારણ કે હું સરકારી ઈન્સ્પેકટર નથી, અને આ વાતનું સુખરૂપ સમાધાન થઈ જશે."

" હા ? હું તેજ શોધતો હતો. કારણ કે હું બહાર ખબર આપું તો ઉલટું મારી પુત્રિ વિષેજ ભુરૂં બોલાય. "

" તેથીજ હું આપની પાસે હું આવ્યો છું. આપ મારા ઉપર પૂર્ણ વિશ્વાસ રાખજો. અને હું આપને વચન આપું છું કે ૮ દિનની અંદર આપની પુત્રી અને ચોર બંનેને આપના સ્વાધિન કરીશ.

વારૂં ? હવે મને આપ હકીકત વિગતવાર કહો" ડિટેકટીવે તપાસ શરૂ કરી.

" સાંભળો ! કાલે સવારે અમે સર્વેએ ચાહ સાથે પીધી હતી, પરંતુ ત્યાર પછી સુમારે ૯ના સમયે સવિતા બાગમાં ફુલ વીણવા ગઇ હતી, હું ભોજન ગૃહમાં ગયો ત્યારે મેં સવિતા વિષે સર્વને પૂછ્યું પણ સર્વેએ અજાણપણું બતાવ્યું પછી મેં બધે સોધ કરાવી પરંતુ કંઇ પણ ચિન્હ માલમ પડયા નહિ. બાગમાંથી પાછી ફરતાં એને કોઇએ જોઇજ નહતી તે ઉપરથી એમ અનુમાન બંધાય છે કે બાગમાંથી એને કોઇ ઉઠાવી ગયલું હોવું જોઇએ " રોહકાંતે જવાબ વાળ્યો ' વારૂં ! એ કોઇના પ્રેમમાં પડી હતી ? ' વળી પ્રશ્ન પુછાયો.

' ના ? ના ? ? એવું કંઇજ નથી. મારા મૃત બે ભાગીદારોના બે પુત્ર,—રમાકાન્ત, અને ચંન્દ્રકાંત, મારે ત્યાં રહી સાથે અભ્યાસ કરે છે. નલિનીકાંન્તનો પુત્ર ચંદ્રકાંત હાલ બી. એ. માં છે અને શ્રમકાંતનો રમાકાંત હાલ એલ. એલ. બી. માં છે. એ બંનેનો

ફરતી અને વાલી હું જ છું. અને એ બે તથા મારી પુત્રી સવિતા સર્વે નાનપણથીજ ઉછરીને સાથે મોટા થયા છે. રમાકાંતના પિતાનો પ્રથમ સ્વર્ગવાસ થવાથી, ચંદ્રકાંત કરતાં વધારે બાળપણથી તે અહીં ઉછર્યો છે તેથી સવિતા અને રમાકાંતનો પ્રેમ અન્યોન્ય, ચંદ્રકાંત કરતાં વિશેષ છે. હાલ તેઓ યોગ્ય વયના થયેલા હોવાથી મારે આવતી સાલમાં રમાકાંત તથા સવિતાના લગ્ન કરી દેવા હતા પરંતુ અચાનક આ દુઃખનું વાદળ મારા પર તુટી પડ્યું. હાય ? મારી સવિતા ? ' રાવબહાદુર રેણુકાન્ત એક બાળકની સમાન નિશ્વાસ નાંખવા લાગ્યા તથા છાતી કુટવા લાગ્યા.

' શેઠ ? શાંત થાઓ ? ફરીઓ ગોઠવવા માંડી છે ' દીનાનાથે શાંત્વન આપવા માંડ્યું.

શેઠ પુનઃ કંઈક તેજમાં આવ્યા બે ગ્લાસ બ્રાન્ડીના મંગાવ્યા. અંતેઓ તેનું પાન કરી મગજને ઠંડકતા આપી.

' આપને કોઈનાપર શક છે ? ' દિનાનાથે પુનઃ પ્રશ્ન પાડ્યો.

' નાજી ? મને કોઈનાપર શક નથી ? ' રેણુકાંતે અચકાતાં કહ્યું.

ડિટેક્ટીવે મનોવિકાર તજ્યાં અને ફરીથી પૂછ્યું. ' શેઠજી ? આપે સંપૂર્ણ સ્પષ્ટીકરણ હજી નથી કર્યું, મહેરબાની કરી બ-ખરી સર્વે હકીકત જણાવો ? ડિટેક્ટીવે શેઠજીનું પાણી માપ-વા માંડ્યું.

' જુઓ ! મી. મુન્શી ? મને ખાસ ચોક્કસ કોઈ પર શક નથી જતો, પરંતુ ચંદ્રકાંત, ' સવિતા રમાકાંતની ' અદેખાઈ કરે

છે, તથા સવિતાને સ્હાય પણ છે, કિંતુ સવિતાનું તે તરફ જરાએ લક્ષ નથી. તેથી આ વખતે આ કર્તવ્ય એના દ્વારા થતું હોય તો રામ જાણે. પરંતુ આ ખબર પડી ત્યારે એ બહુ ઉદાસ થઈ ગયો હતો તથા ખાધું પણ નહતું તેથી શક બરાબર જતો નથી ?

‘ ઠીક! (ઘડીયાળ કાઢી) આજતો હવે બહુ ટાઇમ થઈ ગયો છે, તેથી બાગનું નિરિક્ષણ કરી આજ હું રજા લઇશ. કાલે ચંદ્ર-કાંત તથા રમાકાંત વિગેરેના ગુણ દોષ ઉપર વિવેચન કરી અનુમાન કરીશું. ’ આમ કહી શેઠને લઇ જે બાગમાં સવિતા અદ્રશ્ય થઇ હતી તેભણી દીનાનાથે ચાલવા માંડ્યું.

દીનાનાથે બાગમાં બધે એક નિકરુ નજર ફેરવી અને બબડ્યો ‘ શું અજાયબી! આવા અણીયાલા લોખંડના જાળીઆવાળા કંપા-ઉન્ડને ઓળંગી ધોળે દીવસે મેનરોડ ઉપર એક બાળાને કોઈ દુષ્ટ ઉપાડી લઈ જઈ શકે? કદી નહિ. ’

બાગ તરફના નાકાના દ્વારને તો અંદરથી તાળુંજ હતું. ’

ફરતાં ફરતાં એક આડકતરે રસ્તે દીનાનાથ જઇ ચડ્યો, જ્યાં આગળ, આગળ પાછળ મોટા મોટા છોડવાઓ ઉગી નીકળ્યા હતા અને વચ્ચે ફક્ત બે મનુષ્ય ચાલી શકે એવડી સુંદર જમીન હતી.

દિનાનાથ ત્યાં જઇ ચડ્યો, તેને સંશય આવ્યો કે આ જમીન બાઈઓની બનાવેલી છે. આથી જેવો પગ તેનાપર મૂક્યો તરતજ પગના પગલાંનો પડઘો સંભળાયો. દિનાનાથ બબડ્યો ‘ હં! ભેદ પત્તો મળ્યો, ચોર જબરો છે પરંતુ ખાક રાખજે બચ્ચા !

કે હું પણ ' ડીટેકટીવ દિનાનાથ છું.' તરતજ તે પાછો વળ્યો અને રાવસાહેબ જે એક ગુલાબનું પુષ્પ તોડી સુંઘતા હતા તેની કને જઈ બોલ્યો, શેઠજી ! રજા લઉં છું. થોડો પત્તો મળ્યો છે. કાલે આજ ટાઇમે પાછો આવીશ.' અને બીજીજ પળે તે અદ્રશ્ય થઇ ગયો. શેઠતો અચરત થઈ ગયા અને એટલુંજ બોલી શક્યા "ડિટેકટીવ-દિનાનાથ"

દ્વિતીય પરિચ્છેદ.

પૂર્વ પરિચય.

આ સંસારે પ્રથમ પ્રિતિએ કોણ જાણી શક્યું છે !
કે પ્રીતિનું રૂધિર સઘળું ઉપનુ અશ્રુ તણું છે.

* * * *

નથી જ્યાં મનનો મેળો એક સુખ સંસારમાં શું છે !
નથી જ્યાં સુગંધી તનની નેક ખુબી ફુલહારમાં શું છે !

પ્રિય વાંચક ! દિનાનાથ અને રેણુકાંત આ નોવેલના મૂખ્ય પાત્રો પર વિવેચન કરે તે પહેલાં અહિંજ આપણે કંઇ પૂર્વ પરિસ્થિતિનું વર્ણન કરીએ.

સવિતા ? સૌંદર્યવતી સવિતા ? જ્યારે ૭ વરસની હતી ત્યારે રમાકાંતના પિતાનો સ્વર્ગવાસ થયો. રેણુકાંતના ગૃહમાં હવે ૧ને બદલે ૨ બાળકો થયાં.

આ સમયે રમાકાંતની વય ૨૦ વરસની હતી. તેનો સુઘટ બાંધો, અપ્રતિમ મૂખ તેજ સ્વિતા, ગૌર કાંતિવાન શરીર, એ સર્વ એવું મનમોહક લાગતું હતું કે એને જોતાંજ એની સર્વ ઉપર છાપ પડતી.

ઈ. સ. ૧૯૦૧માં 'ધી લક્ષ્મી કોટન મીલ' ત્રણ ભાગીદારો, સૂર્યકાંત, નલિનીકાંત, અને 'રેણુકાંત' વચ્ચે શરૂ થઇ. એ મીલમાં કમાવાનું તો મળ્યું પરંતુ મુખ્યત્વે કરીને સૂર્યકાંતને તો કંઈ પણ ભોગવવાનું નહિ મળ્યું અને ત્રણ વર્ષ પછી સ્વધામ પહોંચ્યા.

આ સમયે સરિતાની માતાનો સ્વર્ગવાસ થયો આથી ગૃહમાં બન્ને બાળકો રડતાં બે વચ્ચે ધીમે ધીમે એવી પ્રીત જામી ગઈ કે એક એક વિના ખાય નહિ. અને કંઇ પણ કાર્ય થાય નહિ કે ત્યારે સવિતાને તેની માતા યાદ આવે, અને રમાકાંતને પોતાને મોસાળ સુરત જવું પડયું. ત્યાં અભ્યાસ કર્યો માતા સમીપ રહયો તો ઉમંગથી પણ વારે વારે તેને સવિતા યાદ આવતી મેટ્રીક સુધી અભ્યાસ કરી તે કોલેજ જોઇન કરવા કરવા મુંબઈ આવ્યો. આ સમયે સવિતા બાલિકા મટી યુવતી બની હતી અને રમાકાંત બાળક મટી યુવક બન્યો હતો. પહેલા જે બાલિકા રમાકાંત જોડે હજારવાર વાર રિસાતી અને મનાતી તે સવિતા આજે રમાકાંતને જોતાંજ મુખ શરમથી નીચે છુપાતી રે છે, વાચા સહિત તો બંધજ થઇ

આઠ છે, પહેલાં જેટલી બોલવાની છુટ લેતી હતી તેટલી હવે આજેજ લે છે.

પરંતુ આ શરમ વધુ વખત ટકી નહિ. સવિતા વાત કરવાનું મિષ ખોળતી હતી અને તે બહાનું આખરે તેને જડયું. રમાકાંત સુરતથી ધારી લાવ્યો હતો તેની ટોપલી એના જોવામાં આવી હતી આખરે એક સમયે રમાકાંત મળ્યો ત્યારે કહ્યું કે 'સુરતથી શું નવાઇ લાવ્યો છે?'

'હેં! શું? સુરત જેવા શહેરમાં શું નવાઇ જેવી ચીજ મળે'

'કંઇ પણ.'

'હા.' કહ્યમાં તો સુરતથી ધારી લાવ્યો છું! એમ કહેતાં ને તે પોતાના રૂમમાં દોડ્યો અને એક ધારી લઇ તેની સન્મુખ થયો

'ના?' મારે નહિ જોઇએ.'

'હવે લેને! મારા સમ!' એમ આના કાની કરતાં રમાકાંતે ધારીનો કકડો તેના મુખમાં મેલી દીધો. ખવડાવી દીધો.

'જાઓ ભાઇ તમને તો કંઇ એંઠ ન મળે.'

'સારૂં બાઇ ત્યારે અમે આ ચાલ્યા.' બહારમાં કોઇના પગલા સંભળાયાં. તેથીજ રમાકાંત આમ કહી ચાલ્યો ગયો. આમને આમ દિન પર દિન વ્યતીત થતાં હતાં. એવામાં તેમના સુખમાં એક કાંટો નડયો. તે કાંટો કોણ હતો? તે વાંચકો સહેલાઇથી સમજી શકશે. પરંતુ આ વૃતાંતમાંજ આવી જશે. ત્રીજા ભાગીદાર નલિનીકાંત, જ્યારે રમાકાન્ત હોથમાં હતો ત્યારે સેતુ પામ્યા હતા; તેના

પુત્ર ચન્દ્રકાન્ત પણ અભ્યાસાર્થે મેટ્રીક પાસ કર્યા પછી તેના જન્મ-સ્થાન રાજકોટથી આવ્યો. ત્યાં ભાઈ બરાબર અભ્યાસ ન કરતા હોવાથી તેની માતાએ મુંબઈ મોકલ્યો. તે પણ સર્વે જોડે હળી ગયો. પરંતુ એક બે તેના અવગુણ એવા હતા કે તે રેણુકાન્તને બીલકુલ રૂચ્યા નહિ તેને એશઆરામ બહુ ભોગવવાની ટેવ્ટ સ્ટાઇલની ફેશનેબલ કપડાં પહેરી ફરવાની, તથા લગભગ રોજ 'ચેત્ર, પ્લેહાઉસ, બાલવા, વિગેરે સ્થળે ભટકવાની ખરાબ આદત પડી હતી. પરંતુ બાદસાહેબનો સ્વભાવ ચસંકલ એટલે શેઠ બહુ કહેતા નહિ- આવ્યો ત્યારથીજ તેની સવિતા પર દ્રષ્ટિ બેઠી હતી. પરંતુ સવિતા એની સાથે એક ઘડી ભર વાત કરવા પણ બેસતી નહિ. આનું સઘળું કારણ તે કળી ગયો.

રમાકાંત—સવિતાના આત્મા સધાયા હતા તે જાણી ગયો.

પ્લેહાઉસ જેવા સ્થળે જ્યારે ભટકવાથી ધીમે ધીમે ભાઈશ્રીને એક બે ખરાબ દોસ્તોની સોબત લાગી હતી અને ત્યાર પછી ઘણી વાર ૧૨-૨ વાગે આવવા માંડયું. શેઠ આ સર્વે તેની માતાને લખ્યું

માતાના પેટમાં હોળી સળગી, આ સ્થળે અમે વાંચક વર્ગની ક્ષમા ચાહીએ છીએ કે, અમે ચંદ્રકાન્તના લગ્ન થઈ ચૂક્યા હતા એ વાત અગાઉ જણાવી નહિ.

માતાએ વિચાર્યું કે એની વહુને મોકલું તો કંઈ ઠેકાણે આવે. પરંતુ તે બિચારી તેમાં નિષ્ફળ ગઈ. કારણકે કન્યાની માતા-

એ મોકલવાની ના પાડી હવે તો ચંદ્રકાન્ત લખેતોજ મોકલે એમ હતું પરંતુ એ દિન કયારે?

ભોળી માતા શ્રી નરહરિ પર આધાર રાખી બેઠી ધીમે ધીમે ચંદ્રકાન્ત છેક બગડતો ગયો.

હવે એને સવિતા ઉપર ક્રોધ ચઢવા લાગ્યો. અને એક દિવસે તો એના રૂમમાં પેસી જઈ જાહેર રીતે પ્રેમ માગણી કરી.

પરંતુ સવિતાએ તો ઉલટું બુમ મારવાની કોશીશ કરી. આથી ચંદ્રકાન્ત ચાલ્યો ગયો. પરંતુ જતાં જતાં એટલું બોલતો ગયો કે 'સવિતા યાદ રાખજે એક દિવસ આ અપમાનનો બદલો એવો લઈશ કેતું તારા નહિ તો તારા તે દુષ્ટ રમાકાંતની પ્રાણ રક્ષા માટે સોવાર પગે પડીશ.' પ્રિય વાંચક! હાલને માટે તો આટલો "પૂર્વ પરિચય' આપી વિરમું છું.

તૃતિય પરિચ્છેદ.

લાયબ્રેરિ કે લાહ્યબળી?

નસ્યા ચિંતિતં કાર્યં દૈવમ્ અન્યત્ર ચિંતયેત્ ।

કરો લાખો ક્રોડો યત્ન, થવાનું તેજ થાએ છે,
ભલે મરો જીવ પટકી, ઇશ્વર ધારિત થાએ છે.

સંધ્યાનો સમય હતો, રત્નાકરનું શિતલ સલીલ મંદમંદ પ્રવાહિત થતું હતું. સુગંધિત પવનની આનંદ જનક લહેરીઓ મનને

આલ્હાદ અર્પતિ હતી. શનૈઃ શનૈઃ શિતલતાનો પ્રચાર સર્વત્ર વૃદ્ધિ-ગત થતો હતો, આ સમયે વાલ્કેશ્વરની રમ્ય ટેકરીપરના સરિયામ રસ્તેથી એક વિક્ટોરીયા સપાટાબંધ માર્ગ કાપતી હતી. આ ગાડીમાં બે યુવક બેઠા હતા. ઉભયના મુખ ઉપર શોકતાએ વાસો કર્યો હતો. પ્રિય વાંચક ? એ બે યુવક કોઇજ નહિ પરંતુ રમાકાંત અને ચંદ્ર-કાન્તજ હતાં. ચંદ્રકાન્તે સિગાર બોકસ કાઢી અને ધુમ્રપાનનું આરંભન કરી પોતાના મલીનમુખને વધુ મલીન બનાવ્યું તેઓની ગાડી ગિરગામ બેંકરોડ પર આવેલી એક રોનકદાર હવેલી સમીપ ઉભી રહી અને તેઓ પ્રથમ આવેલા માળે આવેલા સુસજ્જીત દિવાન-ખાનામાં દાખલ થયા.

પ્રિય વાંચક ? તે કોઇનું રહેવાસ સ્થાન ન હતું પરંતુ એક કલબ હતી. આ કલબમાં એક લાયબ્રેરી પણ રાખી હતી. પ્રથમ મજલો આખો કલબને સ્વાધીન હતો. નાકની બે ઓરડીમાં લાયબ્રે-રીની વ્યવસ્થા રાખી હતી. એક ઓરડીમાં પુસ્તકાલય હતું. અને એક ઓરડીમાં રીડીંગ રૂમ હતો. રમાકાંત કાંઇ પણ બોલ્યા સિવાય રીડીંગ રૂમમાં ચાલ્યો ગયો. અને 'ગુજરાતીના' પાના ઉથલાવવા લાગ્યો. ચંદ્રકાન્ત તેની પાછળજ હતો. આસ્તે આસ્તે તે પણ પુસ્ત-કાલયના રૂમમાં દ્રષ્ટિ ગોચર થયો. પુસ્તકાલયના રૂમમાં ક્વચિતજ કોઇ આવતું. ચંદ્રકાન્ત જે માર્ગે રમાકાંત આવ્યો તે માર્ગે ન ગયો પરંતુ પુસ્તકાલયની ભીંતમાંજ એક દ્વાર હતું જ્યાં આગળ નીચે જવાનો દાદર હતો, તે દાદરપર ચઢી તે પુસ્તકાલયમાં દાખલ થયો 'સાધુ કે શયતાન' વાંચવી શરૂ કરી અને તેમાં તલ્લીન થઇ ગયો

પરંતુ એ તલ્લીનતાથી એનો સર્વ નાસ થવાનો હતો. તેનું તેને ભાન ન હતું પરંતુ ઇશ્વરકૃપા! રમાકાંત બચ્યો!

એક પાનુ નીચે પડી ગયું તે લેવાને જેવો નીચે વળ્યો કે તરતજ પીસ્તોલનો સણુસણાટ થયો અને સનસનાટ કરતી એક ગોળી રમા-કાંતના માથા ઉપરથી પસાર થઇ ગઇ જો રમાકાંત નીચો ન વળ્યો હોત તો એનું આયુષ્ય અહીંજ પૂરું થાત. અને આગળની વાર્તાનો પણ અત્રેજ અંત આવત. પુસ્તકાલય અને રીડીંગ રૂમ સામ સામેજ હતા તેથી રમાકાંતને ભ્રમ થવાથી તેણે પુસ્તકાલયના રૂમમાં જોયું. ત્યાં ચંદ્રકાન્ત નહતો.

તે ચમક્યો અને તપાસ કરી તો ચંદ્રકાન્ત આગળ ગોખમાં ઉભો હતો. ચંદ્રકાંતને પુછવાથી તેણે જવાબ આપ્યો કે હું પુસ્ત-કાલયના રૂમમાં આવ્યોજ નથી. તેણે સર્વ બાબત જાણે નહિ પરંતુ છુપી તપાસ કરવાનો મક્કમ ઠરાવ કર્યો. તેનું ચિત્ત હવે કાંઇપણ રમતમાં ચોંટતું નહતું. લાયબ્રેરીમાં જવાથી તેના પેટમાં એક સખ્ત લાહ્ય બળી રહી હતી. તેણે વધુ ન બેસતાં ચંદ્રકાંતને છુટી એક ભાડૂતી વિક્ટોરીઆ કરી ગૃહ તરફ જવાનો રસ્તો લીધો. કારમાં પ્રવેશ્યા પછી તેના મનમાં કંપાઉંડમાં એક વિ-શાળ વૃક્ષ નીચે બેસી વ્યગ્ર ચિત્તને શાંત કરવાનો વિચાર ઉદ્ભવ્યો. પ્રથમ પરિચ્છેદમાં જણાવેલી જગ્યાએ તે આવી પહોંચ્યો. અને એક વિશાળ વૃક્ષનો આશ્રય લીધો. ત્યાં ભૂમિપર એક કાગળનો ટુકડો તેના જોવામાં આવ્યો.

તે તેણે હાથમાં લીધો પરંતુ તે એક ચિઠ્ઠી હતી. વાંચતા તેમાં નીચે પ્રમાણે હતું.

સ્વામી રામાનંદ !

તમારા કહેવા પ્રમાણે સર્વ કામ સાંગોપાંગ ઊતાર્યું છે અને હવે કંઈક પણ રકમ મળવી જોઇએ. નહિતો પછી............. કારણકે અમે તો પૈસાના ભૂખ્યા છીએ.

લી૦ આપના તાબેદારો

આ ચિઠ્ઠી વાંચી રમાકાંતના મગજમાં કંઈ કંઇ વિચારો ઉત્પન્ન થયા.

સ્વામી રામાનંદ કોણ ? અને આ ચિઠ્ઠી અહીં ક્યાંથી પરંતુ તેના વિચારોમાં ભંગ પડ્યો કોઇનો પગરવ સંભળાયો તેણે કાન માંડ્યા, સામેથી કોઈ આવતું દેખાયું. તે ઉંચી ઉગેલી લીલી જમીનમાં ચત્તો સુઇ ગયો તેણે તેનાપર સાવચેતાથી આંખ રાખી પરંતુ અલ્પ સમયમાં તે મનુષ્ય સામેથી આવતો બંધ થયો. તે જમીનમાં ગરક થઇ ગયો, અદ્રશ્ય થઈ ગયો. રમાકાંત બહુ આશ્ચર્ય પામ્યો તે ઉઠ્યો અને જે જગ્યાએ તે મનુષ્ય અદ્રશ્ય થઈ ગયો હતો ત્યાં જોવા લાગ્યો. તે જગ્યા કઇ હતી ? પ્રથમ પ્રકરણમાં જણાવેલી ડિટેક્ટીવ દીનાનાથે જોએલી પોલી જગ્યા હતી. ત્યાં બે ખીલા હતા એક મોટો ને એક નાનો. તે નાના ખીલા પર હજુ પગલાનું નિશાન હતું. રમાકાંતે તે ધ્યાનમાં રાખ્યું.

[illegible]

આવ્યો કે આજ સ્વામી રમાનંદ હશે અને ૩૦ હજારની નોટો સવિતાની જે ચોરાઈ ગઈ છે તેને માટે પેલી ચિઠ્ઠી લખવામાં આવેલી જોઈએ. ત્યારે સવિતાને પકડી જવામાં તેનો શું હેતુ હશે ? કદાચિત તે તેના પર મોહાંધ બન્યો હશે. ત્યારે આજના લાયબ્રેરીના બનાવ પરથી તો ચંદ્રકાંત પર શક જાય છે.

હવે ચંદ્રકાંત પર શક રાખવો કે નહિ ? ખરેખર આ એક સજ્જડ ગુંચવાડો છે. આજે **લાયબ્રેરી** માં ગયો ત્યારથી મારા પેટમાં એક સરખી **લાહ્યબળી** રહી છે.

વિચારમાં ને વિચારમાં તે અન્ય કાર્યમાં પ્રવૃત્ત થયો.

ચતુર્થ પરિચ્છેદ.

સાધું કે શત્રુ—ભૂલનો ભોગ.

दुर्जनः प्रियवादेनः नैतद्विश्वास कारणम् ॥
मधु तिष्ठति जिह्वाग्रे हृदये तु हलाहलम् ॥

* * *

દુર્જન કદાપિ ચૂકે ના, દાવ આવ્યે ઉગામે ઘા;
કરે ભૂલેલો એકજ ઘાએ, પુનઃઉઠી શકેજ ના.

પ્રિય વાંચક ! આપણે પુનઃ હવે સવિતા તરફ વળીશું. દ્વિતીય પરિચ્છેદમાં જણાવેલી ઘટના પછી જ્યારે ચંદ્રકાંત ગુસ્સામાં બોલી

આવી ગયો, ત્યારે પછી તેને અતિ ભીતિ લાગવા માંડી, મન ચિંતા સાગરમાં ડુબી ગયું. પુનઃ મનને આનંદિત કરવા અર્થે તેણે સિતાર પોતાના હસ્તમાં લીધી અને સૂર મેળવી આલાપ કાઢવા માંડ્યો, પરંતુ કોણ જાણે આજે તેમાં એ ચિત્ત ચોંટવા ન માંડ્યું, ગત વાતનો પુનઃ મનમાં આવિર્ભાવ થયો સવિતાના મુખ ઉપર વિષાદ રેખાનો સંપૂર્ણ આભાસ થવા લાગ્યો સિતાર હસ્તમાંથી પડી ગઇ અને વિચારમાં નિમગ્ન થઈ ગઇ.

(જુઓ ચિત્ર)

* * * *

પ્રિય વાંચક ! આ પ્રમાણે દીન પર દીન વ્યતિત થતા હતા એક દિને સુપ્રભાતે, સવિતા, કંપાઉડમાં, પોતાની બનાવેલી લતા કુંજમાં ફુલ વિણવા ગઈ.

તે સમયે જે ઘટના બની તેને આધારેજ આપણી વાર્તાનું આરંભન થયું છે. આ સમયે સવિતાએ એક ઝીણી પટીના શ્વેત વસ્ત્રથી પોતાના અંગને આચ્છાદિત કર્યું હતું. સ્નાન તરતનું કરેલું હોવાથી ગૌર વદન વિશેષ સુંદર લાગતું હતું. મંદમંદ પગલે પોતાની માનીતી લતાકુંજમાં સવિતા આવી પહોંચી. ત્યાં બેન્ચ ઉપર ક્ષણ અર્ધ વિરામ લીધા પછી, મોગરો, ગુલાબ વિગેરે પુષ્પો પોતાની છાબડીમાં એકઠા કરવા લાગી. હાથમાં છાબડી લઈ પુષ્પોએકઠા કરી રહ્યા પછી તેણે બાગમાં ફરવા માંડયું. આગળ જતાં, તેને કોઇ ભગવા વસ્ત્ર પહેરેલું મનુષ્ય દ્રષ્ટિએ પડ્યું. સવિતા ગભરાઇ કિંતુ મન દ્રઢ કરી ત્યાં જવાને નિશ્ચય કર્યો. મંદગતિએ તેણે તે સ્થાનની

અતિ જવા માંડયું. પ્રિય વાંચક ? એ કોણ હતું ? ભીની હરીયાળી જમીન વચ્ચે એક સાધુ જેવો દેખાતો મનુષ્ય મૃગચર્મ પાથરી બેઠો હતો. પાસે એક ચલમ તથા રાખ પડયાં હતાં. સવિતાને સમીપ આવતી જોઇ તે સાધુએ પોતાની આંખ ખોલી. સાધુનું મુખમંડળ રક્ષાથી ચોપડેલું હતું. તથા કપાળમાં ભવ્ય ત્રિપુંડ ખેંચેલું હતું સવિતાએ આઘેથીજ પ્રશ્ન કર્યો.

' આપ કોણ છો ! તથા અહીં કેવી રીતે આવી શકયા.

સવિતાના પ્રત્યુત્તરમાં તે સાધુએ કંઈ પણ ન બોલતાં પાસે આવવા અંગુલીથી ઇશારત કરી સવિતા બ્હીતા બ્હીતા નિકટ ગઈ હજુ પણ સાધુ કંઇ બોલ્યો નહિ. તેણે પાસે પડેલી રાખમાંથી ચપટી ભરી સવિતાના ભાલ પ્રદેશમાં રેખા કરવા અંગુઠો લંબાવ્યો અને સવિતાને હજુ પણ નિકટ આવવાની ફરજ પાડી. સવિતા હજુ તે સાધુ સન્મુખ જાય તે પહેલાં તો વિધાતાના લેખ ખરા પડયા સાધુ સમીપ આવતા ભુમિમાં એક ખીલા જેવું હતું તેના પર તેનો પગ પડયો. અને જમીન નીચી થઈ ગઇ. વચ્ચે એક ભુમિમાં મોટું બાકોરૂં થઈ ગયું, અને સવિતા ! સવિતા તે બાકોરાં દ્વારા ભુમિ અંદર સરી ગઈ. પળવારમાંજ સવિતા અદ્રશ્ય થઇ ગઇ. અને જમીન હતી તેવી ને તેવી થઈ ગઈ. સવિતા ! નિર્દોષ સવિતા ! ! એક ભોંયરામાં પુરાઇ ગઇ તેના છેલ્લા ' શબ્દો સાધુ કે શત્રુ '

એટલાજ કર્ણ ગોચર થયા. નિરપરાધી સવિતા આવી રીતે એક અચાનક પોતાની ' ભૂલનો ભોગ ' થઈ પડી. પ્રિય વાંચક ! આ સમયના તે સાધુના ઉદ્દગાર સાંભળવા જેવા છે.

સવિતા તે 'ભૂમ્યન્તર્ગૃહ ' માં અલોપ થયા પછી તે સાધુ રો ખીલા—ચાંપ આગળ આવ્યો અને દાંત પીસી ગુસ્સાથી બોલવા લાગ્યો.

' હા ? મારો આ પ્રથમ ' ભોગ ' ? અને કાર્યનું આરંભન હવે એના ૩૦ હજાર લઈ કરૂં આ કાર્યનું અનુસંધાન અને પછી છેવટે મારા માર્ગમાં કંટક રૂપ આવનાર રમાકાંતનું લઉં બલિદાન.'

આ પ્રમાણે તે બોલતો હતો એટલામાં ત્યાં બે ત્રણ મનુષ્ય આવી ઉભા રહ્યા અને તે સાધુને કહેવા લાગ્યા ' કેમ સરદાર કેવો કારોબાર? ' ' હા! પ્રથમ પાસો પોબાર ! ' સાધુએ ઉત્તર વાળ્યો.

' ત્યારે હવે બીજો હુકમ! '

' બસ ! આજ રાત્રે એના કેસ બોકસમાં ૩૦ હજારનું નોટનું બંડલ ઉડાવી લાવો એજ ' ' અરે એમાં તે શી મોટી વાત છે?'

આમ કહીને ચારે જણા એક બીજી ચાંપ દબાવી તે ભોંયરામાં અંતર્ધ્યાન થઈ ગયા.

+ + + +

અમાવાસ્યાની રાત્રી! ઘોર અંધકાર! સર્વત્ર નિસ્તબ્ધતા !!! છતાં પણ રાવબહાદુર રમાકાંત અત્યારે જાગૃતાવસ્થામાં હતા.

તેની આસપાસ રમાકાંત તથા ચંદ્રકાંત પણ શોક નિમગ્ન ચહેરે બેઠા હતા. જ્યારે ઉપર આ પ્રમાણે સ્થિતિ હતી ત્યારે નીચે કંઇ બીજીજ ધાલમેલ ચાલી રહી હતી. પરંતુ પ્રિય વાંચકોને જણાવવું જોઈએ કે ચંદ્રકાંત અલ્પ સમય પછી દિવાનખાનામાંથી ચાલ્યો ગયો હતો. રાવબહાદુરના બંગલા નીચે બે શ્યામ વસ્ત્રથી

આચ્છાદિત કૃષ્ણાકૃતિ ભમતી હતી. થોડા સમય પછી તેઓમાંના એક પક્ષીના જેવો સાદ કર્યો તરતજ પહેલે મજલેથી કોઇયે દોરડું નાખ્યું તે પર એક જણ ચઢી ગયો અને દોરડું પણ પછી ખેંચાઈ ગયું, એક જણ નીચે ઉભો રહ્યો. પાયેક કલાક પછી દોરડું પાછું કોઇયે નાંખ્યું નીચે ઉભેલા મનુષ્યે ઉપર જોયું, તરતજ તેના હાથમાં નોટનું બંડલ આવી પડયું, ઉપર ગયેલો મનુષ્ય પણ દોરડાપરથી ઉતરી આવ્યો, ક્ષણ અર્ધ પછી બંગલાનું દ્વાર ખોલી એક મનુષ્ય દેખાવમાં આવ્યો, પરંતુ તેથી પેલા બે મનુષ્ય ન બીધા કે ન નાશી ગયા, તે ત્રીજો મનુષ્ય કોણ હતો ? પૂર્વે જણાવેલો સાધુ હતો આ ત્રણેજણ પોતાનું ગુપ્ત નિવાસ ભોંયરામાં પેઠા, અને અદૃશ્ય થઈ ગયા.

બે કલાક પછી પાછો પેલો સાધુ બંગલામાં દાખલ થતો જોવામાં આવ્યો હતો, પ્રિય વાંચકને હવે જણાવવું ન જોઇયે કે, આ સાધુ તેજ સ્વામિ રામાનંદ અને પેલા બે મનુષ્યોજ તૃતીય પરિચ્છેદમાં જણાવેલી ચિઠ્ઠી લખી હતી આવી રીતે સાધુ નહિ પણ સવિતાના શત્રુએ સવિતાની ભૂલથી સવિતાનો ભોગ લીધો.

પંચમ પરિચ્છેદ.

ભૂલ કે જીંદગી ધૂલ.

Man Proposes and God Disposes.

જ્યારે કાળ નિકટ આવે, ભુલે ભલભલો માનવી,
વિપરીત મતિ સુજે તેને, દુર્ગતિ તેની જાણવી.

પ્રિય વાંચક ! આ પરિચ્છેદનું અનુસંધાન પ્રથમ પરિચ્છેદથી છે. આપણે ડિટેક્ટીવ દીનાનાથને કેટલો સમય થયા ભૂલી ગયા છીયે માટે એની સ્મૃતિ પાછી આણવા વાંચકને વિનંતિ કરૂં છું.

દિનાનાથ પોતાનું કામ કર્યેજ જતો હતો. તેણે અર્ધ ઉપરાંત બાતમી બે દિનમાં મેળવી હતી. આજે સવિતાના ગુમ થવા પછીનો ત્રીજો દિન હતો. દિનાનાથ બંગલામાં તથા કંપાઉંડમાં સર્વત્ર એની મરજી પડે ત્યારે-ગમે તે સમયે ગમે ત્યાં જવાની સદર પરવાનગી હતી, સંધ્યાના ૫ ના સમયે તે રેણુકાંતના કંપાઉંડમાં ફરવા લાગ્યો, ફરતા ફરતા તે પેલી ચાંપ સમીપ આવી પહોંચ્યો, એટલામાં જાણે ભૂમિમાંથી એકદમ ઉત્પન્ન થાય તેમ એક મનુષ્ય દિનાનાથની દૃષ્ટિએ પડયો. દિનાનાથ સમજી ગયો કે તે મનુષ્ય ચાંપ દ્વારાજ ભોંયરામાંથી ઉપર આવ્યો હશે. પ્રિય વાંચક ? તે કોણ હતું ? સ્વામી રામાનંદ ? સ્વામિ રામાનંદ દિનાનાથની સમીપ આવ્યો ને બોલ્યો,

"ડિટેક્ટીવ દિનાનાથ ? શું ચર્ચા કરી રહ્યો છે ? હું તને પૂરે-પૂરો ઓળખી ગયો છું.' આપ એક સાધુના કપડામાં લોફ્ફડ......"

"ચાલ વધુ બકવાટ બંધ કર અત્યારે તું હવે જીવતો પાછો નહિ જાય.' નિર્લજ્જ સાધુએ કહ્યું.

'હાં ! હાં ! તપાસજો તમારું મરણ માથે ભમે છે તે તપાસજો.' ડિટેક્ટીવે કરડાકી કીધી.

પરંતુ એટલામાં રામાનંદે તેને એક એવો ધક્કો માર્યો કે દિનાનાથ ૫-૧૦ કદમ દૂર ગબડ્યો. અને અચાનક તેનો પગ પેલી ચાંપનેજ લાગ્યો અને દિનાનાથ તે ભોંયરામાં સરી પડ્યો. ભોંયરામાં પડતાં પડતાં દિનાનાથના મુખમાંથી નીચેના શબ્દો બહાર પડ્યા,— "આ તારી ભુલનેજ લીધે હવે તારી જીંદગી ધુળ મળી જશે. !" પરંતુ આ શબ્દો તે હાં-મસ્ત સાધુના સાંભળવામાં આવ્યા નહિ. તેણે તો દિનાનાથના ભોંયરામાં પુરાવા પછી એક અટ્ટહાસ કર્યું અને બોલ્યો 'હા ! આ મારો બીજો ભક્ત પણ તેની ભૂલથી મારો ભોગ થયો.'

પ્રિય વાંચક ? આ બન્ને એક બીજાને ભૂલેલા જણાવે છે તો ખરી રીતે કોણ ભૂલ્યું ? ચાલો આપણે તેનો નિર્ણય કરીએ. જ્યારે રામાનંદે દિનાનાથને ધક્કો માર્યો ત્યારે દિનાનાથ પૂર્ણ સાવધ હતો, અને તેથીજ દિનાનાથ બચ્યો અને રામાનંદની વિપત્તિની શુરૂઆત થઇ, ત્યાં આગળ બે ચાંપ હતી એકજ સેજ ઉંચી જે દ્વારા અગિતાને પૂરવામાં આવી હતી અને તેનાથી થોડે અંતરે એક તદ્દન નાની ચાંપ [illegible] રામાનંદ [illegible] તેના અનુયાયીઓને [illegible]

સર્વથી મોટી ચાંપ ઉપર પગ પડે એ સંભવિત હતું. તેથી રામાનંદે આબાદ તક જોઈ એવો ધક્કો માર્યો કે દિનાનાથ બરોબર તે ચાંપ પર પડે પરંતુ દિનાનાથ એક ડિટેક્ટીવ હતો તે તેનાથી ઉતરે એમ ન હતો તે આવી અણીના સમયે કેમ બાજી ફેરવવી તે શીખ્યો હતો તેણે તરતજ પગ કતરાવી નાંખ્યો, અને વધારે ઉછાળો મારી બીજી ચાંપ ઉપર એક પગ જોરથી દાબ્યો, તરતજ સ્પ્રીંગ એટલા જોરથી દબાઈ ગઈ કે, તે ભોંયરામાં દિનાનાથ એકદમ ખેંચાઈ ગયો અને એક સેકંડમાં અદૃશ્ય થઈ ગયો.

રામાનંદ આ ચાતુર્ય જોઈ શક્યો નહિ તે તો એમજ સમજતો હતો કે દિનાનાથ પૂરેપૂરો બલિદાન બન્યો હતો.

પ્રિય વાંચક! આપણે ગત ૩ પ્રકરણમાં દિનાનાથને ભૂલી ગયા હતા. પરંતુ તેણે તો તેટલા સમયમાં ઘણીજ મહેનત કરી હતી અને આ ગાંપ વિષે પૂર્ણ માહિતી મેળવી હતી અને તેનાજ પ્રતાપે આજે તે આટલી ચાતુર્યતા પુર્વક છટક્યો હવે તે ભોંયરામાં દાખલ થયો હતો તે એક ભોંયરૂં ન હતું પરંતુ સળંગ રસ્તોજ હતો એક બાજુ નાના નાના ઓરડાઓ આવી રહ્યા હતા. તે થોડું ચાલ્યો એટલામાં તેને કર્ણે સંગીત સંભળાયું અવાજ પાસેના ઓરડામાંથી આવતો હતો સંગિતનું તાન વધવા લાગ્યું સિતારના શૂર પણ સંભળાવા લાગ્યા, દિનાનાથ ચિત્રવત્ થઈ ઉભોજ રહ્યો પ્રિય વાંચક! તારે પણ એ ગાન સાંભળવું જોઈએ. તે ગાન નિચે પ્રમાણે હતું.

સંગીત સવૈયો.

દો——ય વિધાતા–શું દિન આવીયો——

[illegible]

માતા વિનાની પુત્રિ હું બિચારી.
હાંઝીઆ પર હામ દીધો શી રીતિએ——હા.

પલટાપર પલટા લેવા માંડયા, ગાનમા તેજસ્વિતા વધવા લાગી લીટીએ લીટીએ એકેકો ઉષ્ણુ નિ:શ્વાસ સંભળાવા લાગ્યો, વચ્ચે વચ્ચે કોઈ કોઇ ડુસકું પણ સંભળાતું હતું, હવે રાગિન મંદ થવા લાગ્યું, ધીમેધીમે તદનજ બંધ થયું, ફકત સિતારજ ચાલતી હતી તે અલ્પ સમય પછી સિતાર પડવાનો ધબાકો સંભળાયો, સર્વ શૂન્ય બની ગયું, ગાનતાનનો લોપ થઇ ગયો, દિનાનાથનુ હૃદય પણ ભરાઈ ગયું તેના ચક્ષુમાંથી બે અશ્રુબિંદુ ઢળી પડયા, તેણે મન દૃઢ કીધું અને બારણું ખોલવાનો નિશ્ચય કર્યો, પરંતુ બારણાને મોટું લોખડી તાળું મારેલું હતું, વળી આસપાસ દીવો સળગાવ્યા સિવાય કંઇ વસ્તુ પણ જણાય તેમ ન હતું. તેણે તરતજ ગુંજામાંથી ચોર ફાનસ કાઢી સળગાવ્યું. સર્વત્ર પ્રકાશ ફેલાઈ રહ્યો. એ પ્રકાશને આધારે તે સીધો ને સીધો ચાલવા લાગ્યો એટલામાં તેને પગે એક કાગળ અડકાયો તેણે તરત તે હાથમાં લીધો ને વાંચવા માંડયુ,

માં જોરૂ પ્રગણાના શુબેદાર !

આપણો મહાલક્ષ્મીનો બંગલો મહિને ૧૦૦ રૂા.ના **હિસાબથી** ભાડે આપવો છે તેને માટે **કાલે** મળજો. આપણે ચોકકસ **કરીશું** આ વાત **ગુપ્ત** રાખજો. મારા **નિવાસગૃહમાં** મળજો. તમને પણ **ભાગ** મળશે. વધારે મળશે તો સરખે ભાગે **વ્હેંચી લઇશું**.

દિનાનાથ મુંઝવાયો તેને આ પત્રમાં કંઈપણ સમજણ પડી નહિ. કોઇ બીજાનો કાગળ અહીં પડયો હશે એમ ધારી તે ફેંકી

દેવા જતો હતો એટલામાં ફરી કંઈ તેને વિચાર આવ્યો તેથી ધ્યાન પૂર્વક ફરીથી કાગળ વાંચ્યો, તરત તેણે કાગળ ગુંજામાં નાંખ્યો અને અગાડી ચાલવા માંડ્યું કાગળનો તે મર્મ સમજ્યો હોય એમ લાગતું હતું, તે અગાડીને અગાડી ચાલ્યો જતો હતો ત્યાં ભીત જોડે અટડાયો, માર્ગ પુરો થઈ ગયો હતો. હવે સામું ભીંત આવીને અટકી હતી. આથી તે જમણી બાજુ વળ્યો ત્યાં તેને કંઈ ખુણામાં માલમ પડ્યું, તરત તે સમીપ ગયો તે કુંચીનો ઝુમખો હતો, તે હર્ષ પામ્યો ને ઓરડો આ કુંચીવની ખોલાશે એમ ધાર્યું, એટલામાં તેનું ફાનસ કંઈ પવન આવવાથી બુઝાઈ ગયું, તે ભીંત જોડે અટડાયો તેના માથાને ખીલો વાગ્યો, એક આચકા સમેત તે બહાર ઉછળી પડ્યો, ને ક્યાં ઉછળી પડ્યો? રેણુકાંતના બાગની બહાર તરત સફાળો ઉઠી જઇ તેણે બંગલા પ્રતિ જવા માંડ્યું, આવી રીત્યે દિનાનાથે ભોંયરાનો સર્વ પત્તો મેળવ્યો. અને રામાનંદની ભૂલથી તેની જીંદગી ધુળ મળવાની તૈયારી થઈ.

ષષ્ઠ પરિચ્છેદ.

નાણાનું નજરાણું–રંગમાં ભંગ.

कार्यं साधयामि वा देहं पातयामि ।

મરવાનો કંઈ ડર નથી, ભેદ ખોળી કાઢવો;
ભલે જીવ જાયે તોય આ, દુષ્ટને પકડી મારવો.

પ્રિય વાંચક! દિનાનાથ કેવી રીતે બહાર ઉછળી આવ્યો તેનું આપણે પ્રથમ પરિસ્ફોટન કરવું જોઇયે. ત્યાં સર્વત્ર અંધાર

હતું અને જે ખીલો તેને વાગ્યો તેજ બહાર નીકળવાની ચાંપ હતી તેને ખીલો વાગ્યો કે ભીંત ખસી જઈ માર્ગ થયો, ખુલ્લી હવા આવવાથી પવનનો ઝટકો લાગ્યો કે તરતજ ફાનસ બુઝાઈ ગયું હવે માર્ગ બંધ કરવાને એટલે ભીંત હતી તેવીને તેવી થઈ જાય તેને માટે બીજી ચાંપ હતી જે ચાંપ નીચે ભૂમિમાં હતી. દિનાનાથે તે ચાંપ ઉપર પગ મુક્યો કે ખખડાટ સહીત ભીન પાછી ખસી આવી અને એ ભીતનો ધક્કો લાગવાથી દિનાનાથ એકદમ બહાર ઉછળી પડયો દિનાનાથના લક્ષમાં સર્વ બાબત આવી ગઈ તેણે ભોંયરામાં જવાનો તથા બહાર નીકળવાનો બંને માર્ગ જાણ્યા.

* * * * *

પ્રિય વાંચક! હવે આપણે રેણુકાંતને સંભારીશુ આજે ૫ મો દિન હતો દિનાનાથની મુદતને ત્રણ દિવસ બાકી રહ્યા હતા ૮ વાગ્યાનો સમય હતો રેણુકાંત દિવાનખાનામાં નિરાશ વદને બેઠા હતા. એટલામાં દિનાનાથ ત્યાં આવી પહોંચ્યો, તેને જોઈ રેણુકાન્ત બોલ્યા,

'મી. મુન્શી? આખરે તમે આવ્યા? બિરાજો આ ખુર્શી પર.'

'કહો શી ખબર' પુનઃ રેણુકાંતે પૂછ્યું.

'ગુન્હેગાર કોણ છે તે ખબર પડી છે. તેને પકડવાની વાર છે.'

'શું કહો છો? કોણ છે ગુનેહગાર'?

'આપનો ચંદ્રકાન્ત' દિનાનાથે શાંતિથી જવાબ આપ્યો.

'હેં!'

'અને સવિનાની કેસ બોકસમાંથી રૂા. ૩૦ હજારનું નોટનું બંડલ ઉઠાવી જનાર પણ એજ ઉઠાઉગીર,'

'હર ! હર ! !'

'જો આપને એ કૃતઘ્નીનું કુકર્મ જોવું હોય તો ચાલો મારી સાથે.'

'ક્યાં ?'

'હું લઈ જાઉં ત્યાં'

'ચાલો ત્યારે'

શેઠે કપડા પહેર્યા અને બને જણ બહાર નિકળ્યા, દિનાનાથે બાગ તરફ વળવા માંડ્યું અને શેઠ જો કે આશ્ચર્ય પામ્યા પરંતુ મુગે મોઢે દિનાનાથની પછવાડી પછવાડી ચાલવા માંડ્યું. તેઓ પેલી ચાંપ આગળ આવ્યા, નાની ચાંપ આગળ શેઠને લઈ આવી દિનાનાથે શેઠને કહ્યું 'આ ચાંપ ઉપર પગ મુકો.'

શેઠે તે પ્રમાણે કર્યું અને ભોયરામાં સરી પડ્યા, દિનાનાથે પણ તેમજ કર્યું. બંને તે કારાગારમા પહોંચ્યા, પછી દિનાનાથે એક ઝીણી સીટી મારી, તરતજ બે પોલીસ હથિયારબંધ પાસેથી નીકળી આવ્યા, દિનાનાથે પુછ્યુ 'કેમ શી ખબર'

'જનાબ ! તે દુષ્ટો હમણાંજ ત્યાં આવેલા છે અને પોતાનો હિસ્સો વહેંચે છે'

'બસ ! હોશિયાર ! ત્યારે' ચાર ફાનસ સળગાવી સર્વે એ આગળ ચાલવા માંડ્યું, થોડે છેટે ગયા પછી કેટલાક મનુષ્યોનો કોલાહલ

સંભળાયો, ચારે જણાએ પીસ્તોલ હાથમાં રાખી ચાલવા માંડ્યું, તેઓ છુપાતા છુપાતા જ્યાં પેલા મનુષ્યો બેઠા હતા ત્યાં આવી પહોંચ્યા, ત્યાં વચમાં સ્વામિ રામાનંદ બેઠેલો હતો અને આસપાસ ત્રણ ચાર મનુષ્યો બેઠેલા હતા. નોટોના થોડા ભોંયપર પડ્યા હતા અને તેના ભાગ માટે કોલાહલ થતો હતો, એકદમ દિનાનાથ તેઓની વચમાં ધસી આવ્યો અને આરડ્યો ' બોડીગાર્ડ ! ' તરતજ પેલા બે પોલીસો દિનાનાથની બે બાજુએ ગોઠવાઇ ગયા રેણુકાંત પણ તેઓની પછવાડી આવી ઉભા, રેણુકાંતને જોતાં તે સાધુનુ મુખ સફેદ થઈ ગયું, તરતજ દિનાનાથે પીસ્તોલના બે બાર કર્યાં, તેઓમાંના બે મૃત્યુ પામ્યા, બે જણા આ ગડબડમાં કંઇ નાશી ગયા, હવે ત્યાં ફક્ત પેલો સાધુજ રહ્યો. દિનાનાથે રેણુકાંત તરફ વળી કહ્યુ,–'જુઓ આ ગુનેહગાર' આના જવાબમાં રેણુકાંત કાંઇ બોલવા જતા હતા એટલામાં તેમને વચ્ચેજ અટકાવી દિનાનાથ બોલી ઉઠ્યો ' શેઠ ! આપનો સંશય હું કળી ગયો છું અને તેનુ જુઓ હું આ સ્પષ્ટીકરણ કરૂં છું' આમ કહી તેણે તે સાધુના બનાવટી દાઢી, મુછ, કેશ, ખેંચી કાઢ્યા, અરે આ શું ? અતિ આશ્ચર્ય ! સાધુના મુખને બદલે અહિં તો ચંદ્રકાંતનું મુખ થઇ ગયું, હજુ તેના બનાવટી ભગવા વસ્ત્ર કાઢે તે પહેલાં ત્યાં એક પ્રકારનો સફેદ ધુમાડો આવવા માંડ્યો, દિનાનાથે તે પ્રતિ નજર કરી અને બોલી ઉઠ્યો 'હા ! દગો !' રામાનંદ અથવા તો ચંદ્રકાંતના મુખ ઉપર સ્મિતહાસ્ય ફરક્યું. 'મારા બહાદુર સિપાઇઓ ! રેણુકાંતને તમારા આશારે છોડું છું ' આટલું કહી તે પળવારમાં ગેપ થઈ ગયો, પરંતુ જતાં જતાં તેણે શું કર્યું ? પોતાના ગુંજામાંથી એકદમ બે પિચકારી બહાર કાઢી, એક પિચકારી

માંનો પ્રવાહી પદાર્થ ચંદ્રકાંતના શરીરપર છોડયો અને બીજી પીચકારીમાંનો પ્રવાહી પદાર્થ પેલા બે સિપાઇઓ તથા રેણુકાંતપર છોડયો.

પ્રિય વાંચક ! આવી રીતે કોઈ ફલવાન થયું નહિ અને સર્વના રંગમાં ભંગ પડયો.

સપ્તમ પરિચ્છેદ.

પ્રેમની પરાકાષ્ઠા.

भव प्रसन्न तव पाद पंकजे,
ममुत्सृजं सुंदरि सर्वसंपद:

પાદ પંકજમાં તારા, અર્પું સંપદ જે રહી,
પ્રસન્ન થાતું સુંદરિ, મારો સર્વ છે સહિ.

પ્રિય વાંચક ! હવે તારૂં ધ્યાન સવિતા તરફ દોરવા ઇચ્છા રાખું છું. સવિતાને તે ભોયરામાં પુરવામાં આવી હતી પછી દ્વિતિય દિને એક મનુષ્ય સવિતાને સારૂ ખાવાનું લાવ્યો હતો તેને સવિતાએ પુછ્યું કે મને અત્રે શા માટે પૂરવામા આવી છે?' તેના ઉત્તરમાં પેલા મનુષ્યે એટલોજ જવાબ દીધો કે 'રામાનંદની આજ્ઞાથી અત્રે હું આવ્યો છું તથા અહિંથી તમને બીજે લઇ જવાના છે'. ત્યાર પછી સવિતાને તેણે ઓરડાની બહાર નિકળવા કહ્યું સવિતા બહાર નિકળી તેને શું માલમ પડયું? ત્યાં ઓરડા ન હતા પરંતું સલંગ

રસ્તોજ હતો થોડે દુર આવ્યા પછી એક ઓરડો આવ્યો ત્યાં તેને પૂરવામાં આવી.

પ્રિય વાંચક! આ ઓરડી ફેર કરવાનું કારણ એટલુંજ હતું કે રામાનંદની ઇચ્છા તેને રમાકાંતથી દુર કરવાની હતી કારણ કે રમાકાંતને પણ તે પોતાનો ભોગ બનાવવા ઇચ્છા રાખતો હતો એટલે તેને પણ તે જગ્યાએ પૂરવાથી રમાકાંત અને સવિતાનો મેળાપ સહેલાઇથી થઇ શકે સવિતાને અહિંઆ કંઇપણ આશ્વાસન આપનારી વસ્તુ હોય તો તેની સિતારજ હતી, બાકી આખો દિવસ તે અશ્રુજ સાર્યા કરતી હતી. આજે પાંચમો દિન છે સંધ્યાનો સમય હતો, સવિતા એક ચટાઇપર નિદ્રાધીન થએલી હતી, અલ્પ સમય પછી તે જાગૃત થઇ મુખ પ્રક્ષાલન કર્યું અને ઉદ્‌ગાર કાઢવા લાગી 'અરેરે! શ્રીહરિ! આ શું સ્થિતિ! મારા પ્રાણપ્રિય અત્યારે ક્યાં હશે? પિતાશ્રી પણ મારે માટે વલોપાત કરતા હશે, હરહર! ઓ નિષ્ઠુરા? મારા હૃદયાધિક હવે ક્યારે મળશે? આ કારાગારમાંથી [illegible] થાશે, મારા કાંત! અત્યારે તું ક્યા છે?'

"વ્હાલી હું સમિપજ છું" બ્હારથી અવાજ આવ્યો.

સવિતા ચમકી, દ્વાર પ્રતિ જોવા લાગી. એટલામાં દ્વાર એક ધડાકા સહિત ઉઘડી ગયું અને એક મનુષ્ય અંદર આવ્યો, સવિતાના નેત્રમાં હર્ષના અશ્રુ આવ્યા ને તે આગંતુક યુવક પ્રતિ જોઇ બોલી 'વ્હાલા રમાકાંત! તું શી રીતે આવ્યો?' પ્રિય વાંચક! તું સમજીજ ગયો હશે કે આ આવનાર બીજું કોઇ નહિ પણ રમાકાંત હતો.

'પ્રિયા! આ કારાગારમાં તને મળવાને કંઇ કંઇ સંકટો સહી અહીં આવ્યો છું.'

'સવિતા હર્ષાવેશમાં એકદમ કુદી પડી અને રમાકાંતના બાહુ-પાશમાં લપટાઈ ગઈ.

'વ્હાલી ? હવે અત્યારે બહુજ ઉતાવળ કરવાની જરૂર છે કદાચિત્ તે દુષ્ટ અત્રે આવે ને આપણે ફરીથી વિખુટા થવું પડે.'

ઉભય તે ઓરડો ત્યાગી બહાર ચાલમાં આવ્યા, આશરે ૧૦-૧૫ કદમ ચાલ્યા પછી જમણી બાજુએ એક અત્યંત સાંકડી ઓરડી આવી, રમાકાંતે ખીશામાંથી ચાવીનો ઝુમખો કાઢી તેમાંથી એક ચાવી તે ઓરડીના તાળાને લગાડી, અને બંને તે ઓરડીમાં દાખલ થયાં. રમાકાંતે ખીશામાંથી ચોર ફાનસ કાઢી સળગાવ્યું ત્યાં એક નીસરણી માલમ પડી. પ્રથમ રમાકાંત ચડ્યો અને છેક ઉપર પહોંચ્યા પછી, ત્યાંજ એક ચાંપ હતી તે દાબી તરતજ ઉપરથી છાજ ખસી ગયું ઓરડામાં અજવાળું અજવાળું થઈ રહ્યું. રમાકાંતે સવિતાને ઈશારત કરી નિસરણી ઉપર ચઢવા કહ્યું સવિતાએ તેની આજ્ઞાનું પાલન કર્યું, રમાકાંત એક કુદકો મારી નિસરણી ઉપરથી બહાર ખુલ્લી જગામાં આવી ગયો તેણે બે હાથ વતી સવિતાને ઉંચકી લીધી. બંને હવે બચ્યાં નકટ સમુદ્ર વટાવી ગયા હતા. ઉપર આવ્યા પછી ભૂમિપરની બીજી કળ દાબી કે જગ્યા હતી તેવીને તેવી થઇ ગઈ પ્રિય વાંચક ! આ કઈ જગ્યા હતી? આ બાગનો બીજો નાકેના દરવાજે હતો કે જેને તાળું મારેલું હતું. તેની નજીક આ જગ્યા હતી.

' આશ્ચર્ય! હવે તે દુષ્ટનો ભય છે? ' આસપાસ સુગંધી છોડવાઓ. અને સર્વત્ર લીલું લીલું જોઇ, હર્ષથી છલકાઈ જતાં હૃદયે સવિતાએ પુછ્યું.

' પ્રિયે જ્યાં સુધી આ હસ્તપાસમાં તું બધ્ધ છે. તારો પ્રાણ (રમાકાંત) તારી સન્મુખ છે. ત્યાં સુધી ભીતિ નથી છતાં પણ જો કદાચિત તે દુષ્ટ આવી લાગશે, તો આપણ બન્ને તેને આપણા પ્રાણની આહુતિ આપીશું (જુઓ ચિત્ર) રમાકાંતે કહ્યું.

અલ્પ સમયમાં ફરીથી ચાંપ ઉઘડી અને એક મનુષ્ય ઉપર આવ્યો. રમાકાંત ચમકયો તેણે પાછું વળી જોયું અને પુછયું કોણ?

' આપનો સેવક નામવર ' તે મનુષ્યે રમાકાંત સન્મુખ આવી શિર ઝુકાવ્યું

પ્રિય વાંચક ? તે મનુષ્ય કોણ હતો ? દિનાનાથે જે બે પોલીસ પોતાની સાથે રાખ્યા હતા તેમાંનો આ એક હતો. તે પોલીસ પોતાની સાથે કપડાં લાવ્યો હતો. તે રમાકાંતે પહેર્યાં રમાકાંતનો ચહેરો તદન ફેરવાઈ ગયો. આ રમાકાંત નહિ પણ દિનાનાથ હોય એમ લાગતું હતું. અલ્પ સમયમાં બીજો સીપાઇ તથા રેણુકાંત પણ ત્યાં આવી પહોંચ્યા. રેણુકાંત સવિતાને જોઇ ઘણો ખુશ થયો તથા દિનાનાથને અભિવંદન આપવાને હાથ લંબાવ્યો. ' મી. દિનાનાથ ! તમે બહુજ મહેનત કરી ' રમાકાંત તેનો જવાબ દેવા જતો હતો એટલામાં સવિતા વચ્ચે બોલી ઉઠી. ' પિતાજી એને દિનાનાથ કયમ કહો છો ? એ તો રમાકાંત છે. '

' હેં શું આ સાચી વાત ! '

' હાજી. હું આપનો તેજ તાબેદાર રમાકાંત છું. ' આમ કહી ડિટેકટીવનો વેશ રમાકાંતે કહાડી નાંખ્યો. '

'શેઠજી ! અમે પણ પોલીસ નથી પરંતું આપના તાબેદાર નોકરો જશુ અને માધુ છીએ.'

આમ કહી તે બન્નેએ પણ પોતપોતાનો પોલીસનો વેશ કાઢી નાખી ખરા સ્વરૂપમાં પ્રકાસ્યા.

રેણુકાંત તો સ્તબ્ધજ થઈ ગયો. અને સવિતા તો વિચાર-માંજ પડી ગઇ.

પ્રિય વાંચક ! પ્રેમલુબ્ધ પ્રણયી યુગ્મ પ્રેમની પરાકાષ્ઠા ભોગવી અંતે આનંદ ઉદધીમાં સ્નાન કરવા લાગ્યું.

અષ્ટમ પરિચ્છેદ.

આનંદ અવધિ.

આડા અડ કપોલ લાગી રહેલ,
મંદમંદ શી ગોષ્ટિ મચેલ.

પ્રિય વાચક ! આપણી કથા હવે પુર્ણ થાય છે. જે કંઈ પરિસ્ફોટન બાકી રહ્યું હોય તે હવે કરી દેવું ઉચિત છે. પ્રથમ આપણે પેલા પત્ર વિષે સ્ફોટ કરીશું. મુળ પત્ર આમ હતો કેઃ—

માંજોરૂ પ્રગણાના સુબેદાર !

આપણો મહાલક્ષ્મીનો બંગલો મહિને રૂા. ૧૦૦ના હિસાબથી ભાડે આપવો છે. તેને માટે કાલે મળીને આપણે ચોકસ કરીશું

આ વાત ગુપ્ત રાખજો મારા નિવાસગ્રહમાં મળજો તમને પણ ભાગ મળશે. વધારે મળશે તો સરખે ભાગે વ્હેંચી લઇશું.

પ્રથમ જણાવવું જોઇએ કે ચંદ્રકાંત સવિતાને વશ કરવાને અનેક પ્રયત્નો કરતો હતો. તેણે બે મળતીયાઓ જોરાવરખાન અને શુરસિંહ મારફતે ભોંયરૂં તૈયાર કરાવ્યું અને ચાંપો મુકી. તેણે પછી કોઇનો ફાવવામાં ન આવે તેથી સાધુનો વેશ લીધો અને રામાનંદ નામ રાખ્યું. જોરાવરખાન અને શુરસિંહે જે પત્ર ત્રીજા પરિચ્છેદમાં જણાવેલો, લખ્યો હતો તેનો આ પત્રમાં જવાબ હતો. ચંદ્રકાંતે કોઇ જાણી ન શકે તેવી રીતે પત્ર લખ્યો અને કામના શબ્દો મોટે અક્ષરે લખ્યા એટલે નીચે પ્રમાણેનો પત્ર બન્યો.

જોર ! શુર !

આપણો હિસાબ કાલે કરીશું. ગુપ્ત નિવાસગ્રહમાં ભાગ વ્હેંચી લઇશું જોડે ચંદ્ર ☽ નીશાની કરી હતી એટલે લી. ચંદ્રકાંત એમ થતું હતું.

આ કાગળનો અર્થ રમાકાંત સમજી ગયો હતો. અને તેણે જગુ અને માધુને પોલીસનો ડ્રેસ પહેરાવી ભોંયરામાં જ્યાં પેલા લોકો ભાગ વહેંચવાના હતા, ત્યાં તેમની સાથે ગયો. અને મળતીયાને માર્યા જે નાશી ગયા તેમણે બેભાન બની જવાય એવો ધુમાડો એક પદાર્થથી બનાવ્યો. પરંતુ રમાકાંતે તેના ઉપર રામબાણ અસર કરે એવું પ્રવાહી મિશ્રણ જગુ માધુ અને રેણુકાંત ઉપર છાંટયું જેથી ધુમાડાની અસર થઇ નહિ. ચંદ્રકાંત ઉપર જે રમાકાંતે મિશ્રણ છાંટયું તે એક પ્રકારનું ઝેર હતું અને તેથી તે

તરત બેભાન બની ગયો અને પછી લવરી પર ચઢી ગયો તેણે પોતાના હાથેજ આત્મઘાત કર્યો

રમાકાંતે જે દિને તેણે એક મનુષ્યે ભોંયરામાં અદૃશ્ય થતો જોયો તેજ રાતે ભોંયરામાં ગયો હતો જગુ અને માધુને સાથે લીધા હતા એક મનુષ્યને ઉપર જતા તે લોકોએ છુપી રીતે જોયો હતો અને તેનો લાભ લઇ તેઓ પણ તેજ રાત્રે તે માર્ગે ઉપર જઇ શક્યા હતા તથા આજે સવિતા તથા રેણુકાતને પણ તેજ માગ ઉપર લાવી શકવાને ભાગ્યવાન થયા હતા લાગ્બેરિમા ચંદ્રકાંતે રમાકાંતપર ઘા કર્યો હતા અને નીચલે રસ્તેથી પાછા ઉપર ગોખમા આવી ઉભા હતા.

ચંદ્રકાંત દિનાનાથને રમાકાંત તરીકે ઓળખી ગયો હતો અને રમાકાંતને દિનાનાથના વેશમા બંદિવાન બનાવવા કોશિષ કરી હતી.

પ્રિય વાચકને હવે જણાવવું જોઇએ કે રમાકાંત રેણુકાતને જગુ અને માધુને આધારે છોડી આવ્યો હતો તેનું કારણ એજ કે સવિતાને તે જેમ બને તેમ વ્હેલો તે કારાગારમાંથી છોડવા ઇચ્છતો હતો અને તરતજ સવિતાના ઓરડામાં જઇ તેને છુટી કરી, અને બાગમાં છુપે માર્ગે લઇ આવ્યો.

ભોંયરામાં ત્યાર પછી જગુ અને માધુને બે મળતીયા રહ્યા હતા. તેમની વચ્ચે સજ્જડ ઝપાઝપી થઇ હતી. અને પરિણામે બે મળતીઆઓ માર્યા ગયા હતા.

૬૦ હજારની ચોરી કરાવતી વખતે દોરડું નાંખનાર ચંદ્રકાંત-જ હતો.

ચંદ્રકાતના શબને અગ્નિ દાહ કરાવ્યો.

* * * *

આજે રમાકાંત અને સવિતાનો લગ્ન દિવસ છે. જગુ અને માધુને અમુલ્ય શિરપાવો અપાયા છે. સવિતાએ રમાકાંતને કહ્યું.

' વ્હાલા તમે પણ ઠીક ડિટેકટિવ બન્યા હતા જબરી તમારી હીંમત. '

' વ્હાલી તારે માટે એથી પણ વધારે સંકટ સ્હેવા તૈયાર હતો

' ત્યારે મને કારાગારમાંથી છોડવી તેનો બદલો લેવાની ઇચ્છા છે કે ?

' ત્યારે એમને એમ કંઇ ઊપકાર થતો હશે કે ? આ મારો બદલો ' આમ કહી રમાકાંતે સવિતાના કપોલ પ્રદેશપર એક મધુરં ચુંબન લઇ લીધું. આ સમયે તે પ્રેમી દંપતિની સ્થિતિ કેવી હતી —

અડા અડ કપોલ લાગી રહેલ,

*** મંદ મંદ શું મોહિ મચેલ.**

સમાપ્ત.

* આ તથા બાજુના ચિત્ર માટે ઘણા વાંચકો પ્રશ્ન કરશે કે આ ચિત્રો રાજાના છે. આ વાર્તાને લગતાં નથી તો વાંચકને એટલુંજ કહી સંતોષવા પડશે કે આટલી નાની બુકને માટે નવા બ્લોક ખાસ તૈયાર કરાવતાં ઘણો ખર્ચ થઇ જતો હોવાથી વાંચક વર્ગને વિનંતી કે આ ચિત્રોને રાજાના ન માનતાં આ વાર્તાના પાત્રો તરીકે ગણશો.

પ્રકાશક.



પ્રિય! જ્યાં સુધી આ હસ્તપાશમાં તું બદ્ધ છે, તારો પ્રાણ તારી સન્મુખ છે, ત્યાં સુધી તારા પ્રાણહાનિની હવે બીતી નથી. એમ છતાં વિધિ ઘટના પલટશે તો તે તૂટતે આપણ બંને આપણી પ્રાણાહુતિ આપીશું.

સવિતા યાને ભૂલનાં બા

